Enrollment No: ____________________ Exam Seat No:____________________

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2017

Subject Name : Management Accounting – II Date : ____________________

Subject Code : 4C006MAC1 Branch : B.COM

Semester : **6** Marks : 70

**Instructions:**

(1) Use of programmable calculator & any other electronic instrument is prohibited.

(2) Instruction written on main answer book are strictly to be obeyed.

(3) Draw neat diagrams and figures (if necessary) at right places.

(4) Assume suitable data if needed.

---

### Question-1 (ફરજીયાત)

**પ્રશ્ન : ૧** **(૧૪)**

(૧) ચાલુ મિલ્કતમાં ઘટાડો થાય તો રોકડ પ્રવાહમાં _______ થાય.

(૨) રૂા. ૧૫,૦૦૦ નું ફર્નિચર " હરીઓમ ફર્નિચર " માંથી ખરીધુ _______ આ વ્યવહારની રોકડ પર શું અસર થાય ?

(૩) <u>કરવેરાની જોગવાઈ શોધો :–</u>
શ. બાકી ૯,૦૦૦ આખરબાકી – ૬,૦૦૦ ચુકવેલ કરવેરા – ૫૦૦૦

(૪) જાન્યુઆરી અને ફેબ્રુઆરીના વેચાણખર્ચ અનુક્રમે રૂા. ૧૨૦૦૦ અને ૮૦૦૦ છે. જયારે ચુકવણીનો સમયગાળો ૧/૮ મહીનો છે. ફેબ્રુઆરીમાં ચુકવાયેલ વેચાણખર્ચ શોધો.

(૫) દર મહીને ચુકવાતો મેનેજરનો પગાર રૂા. ૪૦,૦૦૦ કયા પ્રકારનો ખર્ચ ગણાય ? (સ્થીર કે ચલીત)

(૬) રોકડા પ્રવાહ પત્રક " હિસાબી ધોરણ નં _______ મુજબ બનાવવામાં આવે છે.

(૭) રોકડ અંદાજપત્રક શું દર્શાવે છે. ?

(૮) ૬૦% ઉત્પાદન શકિતએ ઓફિસખર્ચ રૂા. ૧,૦૦,૦૦૦ અને ૮૦% શકિતએ રૂા.૧,૧૬,૦૦૦ છે. સ્થિર ઓફિસખર્ચ શોધો.

(૯)

| ઉત્પાદન એકમો | એકમદીઠ ખર્ચ |
|---|---|
| ૫,૦૦૦ | રૂા. ૩.૦૦૦ |
| ૮,૦૦૦ | રૂા. ૧.૮૭૫ |

ઉપરની માહિતી પરથી ખર્ચનો પ્રકાર શોધો.

(૧૦) ૩ વર્ષનો સરેરાશ વાર્ષિક પ્રવાહ રૂા. ૨,૫૦,૦૦૦ છે. જયારે પરત આપ સમય ૨.૫ વર્ષ છે. તો શરૂઆતનું મુડીરોકાણ શોધો.

(૧૧) રોકડ પ્રવાહ પત્રકમાં રોકડની આવક / જાવક ને કયા ત્રણ વિભાગમાં વહેંચવામાં આવી છે. ?

(૧૨) " રોકડ અંદાજપત્ર" – રોકડની આવક ભવિષ્યની આવક – જાવક અંગેનો અંદાજ છે. _______સાચુ છે. ?

(૧૩) રોકડ અંદાજપત્રમાં ધાલખાધના રકમ દર્શાવાય છે. ?

(૧૪) અર્ધચલીત ખર્ચ કોને કહે છે. ?

## પ્રશ્ન : ૨ થી ૮ માંથી ગમે તે ૪ ના જવાબ આપો

**પ્રશ્ન : ૨**

(અ) સામાન્ય (રૂટીન) અહેવાલ અને વિશિષ્ટ અહેવાલનો તફાવત સમજાવો. (૦૭)

(બ) સારા અહેવાલના લક્ષણો જણાવો. (૦૭)

**પ્રશ્ન : ૩**

(અ) **A** લીમીટેડના પાકા સરવૈયા નીચે મુજબ છે. (૧૨)

| દેવા | ૩૧/૦૩/૨૦૧૬ | ૩૧/૦૩/૨૦૧૭ | મિલ્કતો | ૩૧/૦૩/૨૦૧૬ | ૩૧/૦૩/૨૦૧૭ |
|---|---|---|---|---|---|
| શેરમુડી | ૨,૦૦,૦૦૦ | ૨,૪૦,૦૦૦ | પાઘડી | ૨૪,૦૦૦ | ૨૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૨૮,૦૦૦ | ૩૬,૦૦૦ | જમીન | ૮૦,૦૦૦ | ૭૨,૦૦૦ |
| ન.નું. ખાતુ | ૩૨,૦૦૦ | ૨૬,૦૦૦ | મકાન | ૭૪,૦૦૦ | ૧,૧૨,૦૦૦ |
| લેણદારો | ૧૬,૦૦૦ | ૧૦,૮૦૦ | રોકાણો | ૨૦,૦૦૦ | ૨૨,૦૦૦ |
| ચુકવવાનો બાકી ખર્ચ | ૨,૪૦૦ | ૧,૮૦૦ | સ્ટોક | ૬૦,૦૦૦ | ૫૦,૮૦૦ |
| કરવેરાની જોગવાઈ | ૩૨,૦૦૦ | ૩૬,૦૦૦ | દેવાદારો | ૩૯,૨૦૦ | ૪૩,૪૦૦ |
| | | | બેંક સિલક | ૧૩,૨૦૦ | ૩૦,૪૦૦ |
| | ૩,૧૦,૪૦૦ | ૩,૫૦,૬૦૦ | | ૩,૧૦,૪૦૦ | ૩,૫૦,૬૦૦ |

વધારાની માહિતી :–

(૧) જમીનનો એક ટુકડો રૂા. ૮,૦૦૦ માં વેચવામાં આવ્યો હતો.

(૨) મકાન પર રૂા. ૧૪,૦૦૦ ઘસારો માંડી વાળ્યો છે.

(૩) વર્ષ દરમ્યાન રૂા. ૩૮,૦૦૦ કરવેરાની જોગવાઈ કરેલ છે.

(૪) વર્ષ દરમ્યાન ચુકવેલ ડિવીડંડ રૂા. ૨૦,૦૦૦ હતું.

ઉપરની માહિતીના આધારે ૨૦૧૬–૧૭ ના વર્ષ માટે રોકડ પ્રવાહ પત્રક બનાવો.

(બ) ધંધાકીય પ્રવૃતિમાંથી મળતા રોકડ પ્રવાહના બે ઉદાહરણો આપો. (૦૨)

**પ્રશ્ન : ૪**

(અ) બજેટરી અંકુશના ફાયદા સમજાવો. (૦૭)

(બ) બજેટરી અંકુશની મર્યાદાઓ સમજાવો. (૦૭)

**પ્રશ્ન : ૫** (૧૪)

A લી અંગે નીચેની માહિતી મળે છે. :–

૬૦% પ્રવૃતિએ ઉત્પાદન ૩,૦૦૦ એકમો

| | |
|---|---|
| એકમદીઠ માલસામાન | રૂા. ૫૦ |
| એકમદીઠ મજુરી | રૂા. ૩૦ |
| એકમદીઠ પ્રત્યક્ષ ખર્ચ | રૂા. ૨૦ |
| કારખાના પરોક્ષ ખર્ચ | રૂા. ૧,૦૦,૦૦૦ (૪૦% સ્થિર) |
| વહીવટી પરોક્ષખર્ચ | રૂા. ૭૫,૦૦૦ (૬૦% સ્થિર) |
| વેચાણ પરોક્ષ ખર્ચ | રૂા. ૬૦,૦૦૦ (૫૦% સ્થિર) |

ઉપરની વિગતો પરથી ૮૦% અને ૯૦ % સપાટી માટે પરીવર્તનશીલ અંદાજપત્ર તૈયાર કરો.

**પ્રશ્ન : ૬**

(અ) મુડીખર્ચ અંગે " પરત આપ પધ્ધતિ" સમજાવો. (૦૭)

(બ) મુડીખર્ચ અંગેની " સરેરાશ વળતરના દર" ની પધ્ધતિ" સમજાવો. (૦૭)

**પ્રશ્ન : ૭**

(અ) રોકડ અંદાજપત્રનો નમૂનો કાલ્પનીક આંકડા સહીત આપો . (૦૭)

(બ) A લી. અંગે નીચેની માહિતી મળે છે. (૦૭)

| | <u>૨૦૧૬</u> | <u>૨૦૧૭</u> |
|---|---|---|
| ઉત્પાદન શકિત | ૬૦% | ૯૦ % |
| કુલ પરોક્ષ ખર્ચ | ૬૦,૦૦૦ | ૭૫,૦૦૦ |

૧૦૦ % ઉત્પાદન શકિતએ કુલ પરોક્ષ ખર્ચ શોધો.

**પ્રશ્ન : ૮**

(અ) <u>ટુંકનોંધ લખો (ગમે તે બે)</u> (૧૦)

(૧) રોકડ પ્રવાહ પત્રકની ઉપયોગીતા

(૨) રોકડ અંદાજપત્રના ફાયદા

(૩) મુડી બજેટનું મહત્વ

(૪) ચોખ્ખુ વર્તમાન મૂલ્ય

(બ) <u>તફાવત આપો (ગમે તે બે)</u> (૦૪)

(૧) સ્થિર અંદાજપત્ર અને પરીવર્તનશીલ અંદાજપત્ર

(૨) સ્થિર ખર્ચ અને ચલીત ખર્ચ